| | |
|---|---|
| અરજી આવ્યા તારીખ | ૩૦ /૦૬/૨૦૨૬ |
| અરજી દાખલ તારીખ | ૩૦ /૦૬/૨૦૨૬ |
| અરજી નિકાલ તારીખ | ૧૪ /૦૭/૨૦૨૬ |
| અવધિ | વર્ષ– મહિના–દિવસો |
| | ૦૦– ૦૦–૧૪ |

**મહે. એડિશનલ સેશન્સ અને સ્પે.(પોકસો) અદાલત સમક્ષ મુકામ :રાજકોટ.**

ફોજદારી પરચુરણ (જામીન) અરજી નં. : **૨૨૦૮ /૨૦૨૬**
આંક : ૦૯

**(૧) કેવલ મહેન્દ્રભાઈ સરવૈયા**

રહે."પુરુષાર્થ" મકાનની સામે,
રાધાનગર શેરી નંબર–૧૦ ના ખૂણે,
માયાણી ચોકની બાજુમાં,
રાજકોટ.
(ધરપકડ તારીખ: ૦૩/૦૫/૨૦૨૬) **અરજદાર/આરોપી**

**//વિરુધ્ધ//**

**૧. શ્રી સરકાર**
(થ્રુ જીલ્લા સરકારી વકીલશ્રી , રાજકોટ)

**૨. મુળ ફરીયાદી** **સામાવાળા**

**અરજ :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી ..(ચાર્જશીટ બાદની)

**ગુન્હો :–** ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૬૯, ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(v) મુજબનાં ગુનાના કામે

---

| | | |
|---|---|---|
| અરજદાર/આરોપી તરફે | – | વિ.વ. શ્રી બી.વી.ડોડીયા |
| સામાવાળા /સરકારશ્રી તરફે | – | વિ.એ.જી.પી.શ્રી એમ.જી.પીપળીયા |
| મુળ ફરીયાદી | – | જાતે |

---

## -: હુકમ :-

**૧.** અરજદાર/આરોપીએ હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે દાખલ કરી, હાલની અરજીના માધ્યમથી રાજકોટ શહેર ' માલવીયાનગર પોલીસ સ્ટેશનના ગુના રજી.નં. ૧૧૨૦૮૦૪૫૨૬૦૩૨૫/ ૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૯, ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ-૩ (૨) (v) હેઠળના ગુનાનાં કામે તેઓ જયુડી. કસ્ટડીમાં હોઇ,જેથી રેગ્યુલર જામીન પર મુકત કરવા માટે હાલની ક્રમશ: અરજ કરેલ છે.

**૨.** આ જામીન અરજીની નોટીસ સામાવાળાઓને બજતા સામાવાળાનં.૧ / સરકારશ્રી વતી એ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને આંક- ૬ થી તપાસ કરનાર અધિકારીનો અભિપ્રાય રજુ રખાવેલ છે. ફરીયાદીને નોટીસ બજતા તે હાજર થયેલ છે અને જામીન અરજી નામંજુર કરવા અરજી તળે શેરો કરેલ છે.

**3.** હાલની અરજીની સુનાવણીના તબકકે , અરજદાર /આરોપી તર્ફે વિ.વ.શ્રીએ અરજીની હકીકતો રીફર કરી મૌખીક દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરેલ છે કે , અરજદાર/આરોપી નિર્દોષ છે અને તેને ખોટી રીતે સંડોવવામાં આવેલ છે. અરજદાર/આરોપીની તારીખ ૦૩/૦૫/૨૦૨૬ના રોજ ધરપકડ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીએ અગાઉ ફો.પ.અ.નં. ૧૪૨૦/૨૦૨૬થી રેગ્યુલર જામીન અરજી કરેલ હતી. જે રદ્દ કરવામાં આવેલ હતી. હાલ ચાર્જશીટ

થઇ ગયેલ છે. ચાર્જશીટ બાદની આ પ્રથમ જામીન અરજી છે. વધુમાં રજુઆત કરી છે કે , ફરીયાદીએ મોડી ફરીયાદ કરવાનો કોઇ ખુલાસો ફરીયાદમાં કરેલ નથી. અરજદાર/આરોપીને છોડવામાં ન આવે તો પ્રિ-ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર/આરોપી સ્થાનિક રહેવાસી છે, નાસી જવાની શક્યતા નથી અને અદાલત જે શરતો ફરમાવે તેનું પાલન કરવા તૈયાર છે. તેથી રેગ્યુલર જામીન પર મુક્ત કરવા અરજ કરી છે.

બીજી તરફ, વિ. એ.પી.પી.શ્રીએ જામીન અરજીનો વિરોધ કરતાં રજૂઆત કરી કે ફરિયાદમાં અત્યંત ગંભીર આરોપો કરવામાં આવ્યા છે. અરજદાર/આરોપીએ ફરીયાદીને લગ્ન કરવાની લાલચ આપી પોતાના પરીવાર સાથે મળાવી તેના ઘરે સાતેક મહિના રાખેલ આ સમયગાળા દરમ્યાન આરોપીએ ફરીયાદી સાથે શરીર સંબંધ બાંધેલ અને અરજદાર/આરોપીને ફરીયાદી સાથે ઝઘડો થતા લગ્ન કરવાની ના પાડતા આરોપીએ ફરીયાદીને તેની જાતિ બાબતે અપમાનીત કરી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી કરી હાલનો ગુન્હો કરેલ છે. અરજદાર/આરોપીની અગાઉની જામીન અરજી આ અદાલત દવારા નામંજુર કરવામાં આવી છે. જેથી ગુનાની ગંભીરતા, સજાની જોગવાઇ વિગેરે પરીબળો ધ્યાને લઇ જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

૪. અત્રેની અદાલત ''જામીન એ નિયમ અને જેલ એ અપવાદ'' ના સિધ્ધાંતથી વાકેફ છે. વળી, આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી શિક્ષા પણ થઈ શકે તેવા ગુનામાં સંડોવાયેલ આરોપી પણ પોતાનો જામીન ઉપર છૂટવા માટેનો

પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે. એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણ તે જામીન અરજી મંજૂર કે નામંજૂર કરવાનું નિર્ણાયક પરિબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે એ છે કે, આરોપીનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનામાં ભાગીદારી, બનાવ જેવા ગુનાનું ફરી વખત પુનરાવર્તન થવાની શકયતા, જામીનની દયાનો દૂરૂપયોગ થવાની શકયતા, આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી વગેરે જેવા પરિબળો અદાલતે ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાંથી એકાદ પરિબળ પણ આરોપીને જામીન ઉપર છૂટવા સમર્થનકર્તા ન હોય તો આરોપી જામીન ઉપર છૂટવાના હકકો ગુમાવી બેસે છે.

૫. બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લીધી. અરજદાર/આરોપીની અરજીમાં જણાવેલ હકીકતો, અરજદાર/આરોપી તથા રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ સામાવાળા સરકાર તરફે રજૂ થયેલ ત.ક.અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો, ફરીયાદીનો શેરો તમામ સાહિત્ય ધ્યાને લેવામાં આવ્યુ છે.

૬. એ સ્થાપિત કાનૂની સિદ્ધાંત છે કે, જામીન અરજીની વિચારણાના તબક્કે

કેસના ગુણદોષની વિસ્તૃત ચર્ચામાં ઉતરવું કે પુરાવાનું મૂલ્યાંકન કરવું યોગ્ય નથી. આ અદાલતે માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા **Sanjay Chandra v. Central Bureau of Investigation**, [2012] 1 **SCC** 40 કેસમાં નિર્ધારિત કાનૂની સિદ્ધાંતોને ધ્યાનમાં લીધા છે. તમામ સાહિત્ય ધ્યાને લેતા, આ અદાલત દવારા સદર જામીનના નિર્ણય માટે નિચે મુજબના કારણો ધ્યાને લેવામાં આવ્યા છે.

(૧) ફરીયાદી પુખ્ત વય(૩૧ વર્ષની) તથા ઉચ્ચ શિક્ષિત (MSW સુધી અભ્યાસ કરેલ) છે.

(૨) ફરિયાદી અને અરજદાર/આરોપી વચ્ચેનો પરિચય લાંબા સમય સુધી સ્વૈચ્છિક રીતે વિકસ્યો હતો. બંને વચ્ચે સતત ફોન, વોટ્સએપ અને સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્ક રહ્યો હતો તેમજ ફરિયાદી પોતાની મરજીથી અનેક વખત રાજકોટ આવી અરજદાર/આરોપીને મળેલ હતી.

(૩) ફરિયાદ મુજબ ફરિયાદી પોતાની સ્વૈચ્છિક સંમતિથી અનેક પ્રસંગોએ અરજદાર સાથે બહાર ફરવા ગયેલ, અરજદારના માતા–પિતાને મળેલ, તેમના ઘરે રોકાયેલ તથા અંદાજે સાત મહિના સુધી અરજદાર/આરોપીના પરિવાર સાથે રહી હતી.

(૪) પ્રથમદર્શિત રીતે બંને વચ્ચેનો સંબંધ પરસ્પર પ્રેમસંબંધના આધારે વિકસેલો હોવાનું જણાય છે.

(૫) અરજદાર /આરોપી તારીખ ૦૩/૦૫/૨૦૨૬ થી ન્યાયીક હવાલામાં જેલમાં છે.

(૬) તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ રજૂ થઈ ગયેલ છે.

(૭) અરજદાર/આરોપી સ્થાનિક રહેવાસી છે.

(૮) અરજદાર/આરોપીનો કોઈ અગાઉનો ગુનાહિત ઈતિહાસ રેકોર્ડ પર નથી.

**૭.** કેસની હકીકતો તથા સંજોગોને ધ્યાનમાં લઈ, તેમજ ફરીયાદમાં અરજદાર/આરોપી વિરુદ્ધ કરવામાં આવેલા આક્ષેપોની પ્રકૃતિ પર વિચાર કરી, પુરાવાઓની વિગતવાર ચર્ચામાં પ્રવેશ કર્યા વગર, પ્રથમદર્શનીય રીતે આ અદાલતનો મત છે કે , હાલનો કેસ એવો યોગ્ય કેસ છે જેમાં અદાલત પોતાની વિવેકાધિકારનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કરી શકે. આમ , અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયીક ડીસ્ક્રીશન વાપરવું યોગ્ય જણાઈ આવતુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**-: હુ ક મ :-**

**(૧)** અરજદાર/આરોપી **: કેવલ મહેન્દ્રભાઈ સરવૈયાની** હાલની ફોજદારી પરચુરણ **જામીન અરજી નં. ૨૨૦૮/૨૦૨૬** આથી નિચે મુજબની શરતોને આધીન '**મંજૂર**' કરવામાં આવે છે.

અરજદાર/આરોપી **રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત-મૂચરકા સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

**૧.** અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો અને ત.ક.અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવુ તેમજ ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવું.

**૨.** અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાના સ્થાયી/ સ્થાનિક રહેઠાણનું સરનામું દર્શાવતો કોઈપણ આધાર પુરાવો તપાસ કરનાર અમલદારશ્રી તથા નામ.કોર્ટ સમક્ષ રજૂ કરવો તથા અરજદાર/આરોપી નામદાર કોર્ટની પુર્વ પરવાનગી વિના રહેઠાણ બદલી શકશે નહિ તેમજ ભારત દેશની હદ છોડી શકશે નહિ.

**૩.** અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ દિન–૭ માં રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

**૪.** અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાક્ષીઓને ફોડવા કોશિષ કરવી નહિ કે પુરાવા સાથે ચેડાં કરવા નહિ.

**૫.** અરજદાર/આરોપીએ અન્ય કોઈપણ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાવું નહિ.

આ હુકમ આજ તારીખ **: ૧૪ મી, માહે : જૂલાઈ , સને ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ,

તારીખ : ૧૪ –૦૭–૨૦૨૬

**(તેજસ એસ. બ્રહમભટ્ટ)**
બીજા એડિશ્નલ સેશન્સ
અને સ્પે. જજ(પોકસો એકટ),
રાજકોટ.
GJ 00609